# જતન કરવા માટે આશીર્વાદ

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

‘મંદિરમાં રહો’ સત્સંગ

શનિવાર, ૨૫ જુલાઈ, ૨૦૨૦

જ્યારે તમે ઉપર જુઓ છો તો તમને શું દેખાય છે?

જ્યારે તમે નીચે જુઓ છો તો તમને શું દેખાય છે?

જ્યારે તમે ચારેબાજુ જુઓ છો તો તમને શું દેખાય છે?

આ સૃષ્ટિની વિલક્ષણતાને જોવા માટે
તમારે સ્વયંને એ સ્થાન પર મૂકવું પડશે
જ્યાં બધું જ પારદર્શક છે,
અને તમારે એ ચિદાકાશને
દેવલોકની રમણીયતા પ્રતિબિંબિત કરવા દેવી પડશે.

જો તમે અંતરમાં
શૂન્ય સ્થાન જુઓ
તો તેને તમારા પ્રજ્ઞાનની દીપ્તિથી ભરી દો.

જો તમે તમારા હૃદયમાં
રિક્તતા મહસૂસ કરો
તો તેને તમારી સ્મૃતિના મધુર ગીતથી ભરી દો.

તમારા મનને
બીજા એક મહાન દિવસની
અનંત સંભાવનાઓ પ્રત્યે ગ્રહણશીલ રાખો
જે તમારા પદાર્પણ માટે પ્રતીક્ષા કરી રહી છે.

તમારા હૃદયને પહેલાં કરતાં વધારે મજબૂત બનાવી રાખો,
એ જાણીને કે તમે જે રોમાંચક કાર્યની શરૂઆત કરી છે
તેને કરવાથી તમને કંઈ પણ નહીં રોકી શકે.

પૃથ્વી શાંતિમય અને પોષણદાયી છે.

જળ નિર્મળ અને નવપ્રાણનો સંચાર કરનારું છે.

અગ્નિ તેજોમય અને શુદ્ધીકારક છે.

વાયુ શાંત અને પુષ્ટિદાયક છે.

આકાશ વિશાળ અને રહસ્યમય છે.

તમારી સત્તા,
જે આ રૂપે
આ જ મૂળભૂત પંચતત્ત્વોથી નિર્મિત છે,
ભગવાન તરફથી તમારા માટે અદ્‌ભુત ભેટ છે.
તેથી, કાળજીપૂર્વક તેની દેખભાળ કરવાનું યાદ રાખો.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.